# જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઈ કૉમર્સ કૉલેજ અમરોલી, સુરત

## આંતરિક કસોટી - ૨૦૧૮

## એમ. કૉમ. સેમેસ્ટર - ૩ (ગુ.મા.)

## Organized Markets - I

તારીખ : ૧૨/૦૯/૨૦૧૮ | બેઠક નંબર : .........

સમય : ૧૧:૦૦ થી ૧:૦૦ | કુલ ગુણ : ૨૫

---

**પ્રશ્ન : ૧** **નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર જઆપો.** **(૧૦)**

(૧) સંગઠીત બજાર એટલે શું ?

(૨) સહકારી માર્કેટીગ એટલે શું ?

(૩) રોકાણનો અર્થ આપો.૧

(૪) વર્ગીકરણ એટલે શું ?

(૫) શાખના સાધનોના જુદા જુદા પ્રકારો જણાવો.

**પ્રશ્ન : ૨** નિયંત્રિત બજાર એટલે શું ? નિયંત્રિત બજારના ફાયદા અને ગેરફાયદાની ચર્ચા કરો. **(૧૩)**

**અથવા**

**પ્રશ્ન : ૨ (અ)** પ્રમાણીકરણના લાભ અને ગેરલાભની ચર્ચા કરો. **(૦૬)**

**(બ)** ડિપોઝીટરી સિસ્ટમના ફાયદાઓ જણાવો. **(૦૭)**

**પ્રશ્ન : ૩** ભારતીય શેરબજાર ઉપર આર્થિક ઉદારીકરણની નીતિની અસરો તપાસો. **(૧૩)**

**અથવા**

**પ્રશ્ન : ૩** ભારતના શેરબજારમાં "સેબી" ની ભૂમિકાનું મૂલ્યાંકન કરો.

**પ્રશ્ન : ૪** **ટૂંકનોંધ લખો. (ગમે તે બે)** **(૧૪)**

(૧) આર્થિક વિકાસમાં શેરબજારની ભૂમિકા

(૨) સટ્ટાના લક્ષણો

(૩) ઓવર ધ કાઉન્ટર એક્ષચેન્જ ઓફ ઈન્ડીયા

(૪) મુંબઈ શેરબજારમાં કરવામાં આવેલા સુધારોઓ

JDV

# જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઈ કૉમર્સ કૉલજ અમરોલી, સુરત
## આંતરિક કસોટી - ૨૦૧૮
## એમ. કૉમ. સેમેસ્ટર - ૩ (ગુ.મા.)
## નાણાકીય સંચાલન

**તારીખ : ૧૪/૦૯/૨૦૧૮** — **બેઠક નંબર : .........**

**સમય : ૧૧:૦૦ થી ૧:૦૦** — **કુલ ગુણ : ૫૦**

---

**પ્રશ્ન : ૧ નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર જઆપો. (ગમે તે પાંચ)** **(૧૦)**

(૧) નાણાકીય સંચાલન એટલે શું ?

(૨) હકકના શેર કોને કહેવાય ?

(૩) ઈન્વેન્ટરી નિભાવવાના હેતુ જણાવો.

(૪) કાર્યશીલ મૂડીનાં પ્રકાર જણાવો.

(૫) જોખમનો અર્થ સમજાવો.

(૬) બુક બિલ્ડિંગ પધ્ધતિ એટલે શું ?

(૭) રોકડ બજેટના લાભો જણાવો.

**પ્રશ્ન : ૨ (અ)** નફાનું મહતમીકરણના ઉદેશ કરતાં સંપતિનું મહતમીકરણનો ઉદેશ ચઢિયાતો છે. - સમજાવો. **(૦૭)**

**(બ)** જોખમ સંચાલનના ઉદ્દેશો જણાવો. **(૦૭)**

**અથવા**

**પ્રશ્ન : ૨ (અ)** જોખમ સંચાલનની પ્રક્રિયાા સમજાવો. **(૦૭)**

**(બ)** નાણાં બજારના સાધનો સમજાવો. **(૦૭)**

**પ્રશ્ન : ૩ (અ)** જાહેર ભરણાની વિધિ વર્ણવો. **(૦૭)**

**(બ)** આર્થિક વરદી જથ્થો સમજાવો. **(૦૬)**

**અથવા**

**પ્રશ્ન : ૩ (અ)** રોકડ સંચાલનના હેતુઓ સમજાવો. **(૦૭)**

**(બ)** લેણા પર અંકુશની પધ્ધતિમાંથી કોઈપણ બે ઉદાહરણ સહિત સમજાવો. **(૦૬)**

**પ્રશ્ન : ૪ (અ) ટૂંકનોંધ લખો. (ગમે તે એક)** **(૦૬)**

(૧) ખાનગી ભરણું

(૨) ચૂકવણીઓને વિલંબિત કરવાની રીતો

(૩) અબક વિશ્લેષણ

**(બ)** કિસ્મત લિ. નું વર્તમાન વેચાણ રૂા. ૮૦,૦૦,૦૦૦ નું છે. તેનો વસૂલાતનો સરેરાશ સમયગાળો ૩૦ દિવસ છે. અને ચલિત ખર્ચનું પ્રમાણ ૯૦% છે. મૂડીની પડતર ૧૫% છે અને ઘાલખાધ ૫% છે. કંપની વસૂલાત નીતિને ઉદાર બનાવવા માંગે છે. પરિણામે વેચાણમાં રૂા. ૧૦,૦૦,૦૦૦ નો વધારો થવાનો અંદાજ છે. પણ વસૂલાતનો સરેરાશ સમયગાળો વધીને ૬૦ દિવસ થશે અને ઘાલખાધ વધીને ૮% થવાનો અંદાજ છે. કંપનીને લાગી પડતો કરવેરાનો દર ૪૦% છે. કંપનીને વસૂલાત નીતિને ઉદાર બનાવવી જોઈએ ? શા માટે ? **(૦૭)**

# જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઈ કૉમર્સ કૉલજ અમરોલી, સુરત
## આંતરિક કસોટી - ૨૦૧૮
## એમ. કૉમ. સેમેસ્ટર - 3 (ગુ.મા.)
## વ્યૂહાત્મક સંચાલન

**તારીખ : ૧૫/૦૯/૨૦૧૮** — **બેઠક નંબર : .........**
**સમય : ૧૧:૦૦ થી ૧:૦૦** — **કુલ ગુણ : ૫૦**

---

**પ્રશ્ન : ૧ નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર જઆપો.** **(૧૦)**

(૧) વ્યૂહરચનાના લક્ષણો જણાવો.

(૨) ધંધાકીય પર્યાવરીણ વિશ્લેષણની આવશ્યકતાઓ જણાવો.

(3) વ્યવસ્થાતંત્રીય સક્ષમતા એટલે શું ?

(૪) વિતરણ માર્ગની પસંદગીને અસરકરતાં પરિબળો જણાવો.

(૫) વ્યૂહાત્મક ધંધાકીય એકમ સપાટી એટલે શું ?

**પ્રશ્ન : ૨ (અ)** વ્યૂહાત્મક સંચાલનની વ્યાખ્યા આપી તેની પ્રક્રિયાના નીચેના ઘટકો સમજાવો. **(૦૬)**
(૧) નીતિઓ (૨) કંપનીની રૂપરેખા અને (3) વ્યુહરચનાનું સંસ્થાનીયકરણ

**(બ)** બાહય પર્યાવરણના આર્થિક અને સામાજીક પરિબળો સમજાવો. **(૦૭)**

**અથવા**

**પ્રશ્ન : ૨ (અ)** હેતુઓ એટલે શું ? હેતુ નિર્ધારણની પ્રક્રિયા વર્ણવો. **(૦૬)**

**(બ)** માહિતી સંચાલનની સક્ષમતા સમજાવો. **(૦૭)**

**પ્રશ્ન : 3 (અ)** વૈવિધ્યકરણની વ્યૂહરચના સમજાવો. **(૦૬)**

**(બ)** નાણાકીય નીતિને અસર કરતાં પરિબળોની ચર્ચા કરો. **(૦૭)**

**અથવા**

**પ્રશ્ન : 3 (અ)** કોર્પોરેટ સપાટીની વ્યૂહરચના સમજાવો. **(૦૬)**

**(બ)** અભિવૃદ્ધિ એટલે શું ? અભિવૃદ્ધિ નીતિના ઘટકો સમજાવો. **(૦૭)**

**પ્રશ્ન : ૪ ટૂંકનોંધ લખો. (ગમે તે બે)** **(૧૪)**

(૧) વ્યૂહરચનાના ઉદ્ભવસ્થાનો

(૨) અજોડ સામર્થ્ય

(3) વિનિવેશની વ્યૂહરચના

(૪) ખરીદવું કે બનાવવું ને અસર કરતાં પરિબળો

(૫) સ્વોટ વિશ્લેષણ

NST

# જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઈ કૉમર્સ કૉલેજ અમરોલી, સુરત
## આંતરિક કસોટી - ૨૦૧૮
## એમ. કૉમ. સેમેસ્ટર - ૩ (ગુ.મા.)
## નાણાકીય અને સંચાલકીય હિસાબી પધ્ધતિ - ૭

**તારીખ : ૧૭/૦૯/૨૦૧૮** **બેઠક નંબર : .........**
**સમય : ૧૧:૦૦ થી ૧:૦૦** **કુલ ગુણ : ૫૦**

**સૂચના : (૧) જમણી બાજુ આપેલ અંક પ્રશ્નના ગુણ દર્શાવે છે. (૨) જવાબના ભાગરૂપે તમામ જરૂરી ગણતરી દર્શાવો.**

**પ્રશ્ન : ૧** **સૂચના પ્રમાણે જવાબ આપો.**

**(અ)** કૃષિ એગ્રો લિ. ના ઉત્પાદન અંગેની માહિતી નીચે આપેલી છે. બન્ને ઉત્પાદનમાં એકસરખા પ્રકારનો માલસામાન વપરાય છે. **(૦૫)**

| વિગત | વસ્તુ ઠ એકમદીઠ | વસ્તુ દ્ર એકમદીઠ |
|---|---|---|
| વેચાણ કિંમત | ૫૦૦ | ૮૦૦ |
| પ્રત્યક્ષ માલસામાન (કિલો દીઠ ૭૫ રૂા. લેખે) | ૧૫૦ | ૧૫૦ |
| પ્રત્યક્ષ મજૂરી (કિલો દીઠ ૫ રૂા. લેખે) | ૧૦૦ | ૧૮૦ |
| ચલિત પરોક્ષ ખર્ચા | ૫૦ | ૮૦ |

સ્થાયી ખર્ચા રૂા. ૩,૮૦,૦૦૦/-

(૧) નીચેના સંજોગોમાં તમે કઈ વસ્તુનું ઉત્પાદન કરવાની ભલામણ કરશો ?

(અ) જયારે કાચા માલની અછત હોય

(બ) જયારે કામદારોની અછત હોય

(૨) કાચો માલ ચાવીરૂપ પરિબળ છે. તેમ ધારીને જો ફળ ૧૬૦૦૦ કિલો કાચો માલ પ્રાપ્ત થઈ શકે તેમ હોય અને જો બન્ને પ્રકારની વસ્તુનું વધુમાં વધુ ૪૦૦૦ એકમોનું વેચાણ થઈ શકે તેમ હોય તો બન્ને પ્રકારની વસ્તુનું બન્ને પ્રકારની વસ્તુનું કેટકેટલું ઉત્પાદન કરવું જોઈએ કે જેથી વધુમાં વધુ નફો પ્રાપ્ત થાય ?

**(બ)** નીચેની માહિતી પરથી પરત આપ સમય અને પરત આપ નફાકરાકતાનો આંક શોધો : **(૦૫)**

| | રૂા. |
|---|---|
| કુલ રોકાણ | ૨,૫૦,૦૦૦ |
| અને બીજા વર્ષને અંતે | ૩૦,૦૦૦ |

કમાણી (ઘસારો અને કરવેરા બાદ)

| વર્ષ | કમાણી (રૂા.) | આયુષ્ય અંદાજી - ૫ વર્ષ | |
|---|---|---|---|
| ૧ | ૩૦,૦૦૦ | આવક વેરો | ૫% |
| ૨ | - | મૂડી પડતર | ૧૫% |
| ૩ | ૩૫,૦૦૦ | | |
| ૪ | ૫૦,૦૦૦ | | |
| ૫ | ૬૦,૦૦૦ | | |

યંત્રનું આયુષ્ય ૫ વર્ષ

રૂા. ૧ નું વર્તમાન મૂલ્ય

BNP/CG

(પાનું ઊલટાવો)

| વર્ષ | ૧૫% ના દરે |
|---|---|
| ૧ | ૦.૮૭૦ |
| ૨ | ૦.૭૫૬ |
| ૩ | ૦.૬૫૮ |
| ૪ | ૦.૫૭૨ |
| ૫ | ૦.૪૯૭ |

**પ્રશ્ન : ૨** એક કંપનીના સંચાલકો દ્વારા મૂડી બજેટ અંગેના નીચેના આકંડાઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. નીચે આપેલ વટાવના દરોને આધારે ખૂટતા આંકડા શોધો ? **(૧૪)**

| | | |
|---|---|---|
| વાર્ષિક પડતરમાં બચત | : | રૂા. ૪૦,૦૦૦ |
| અંદાજી આયુષ્ય | : | ૪ વર્ષ |
| આંતરિક વળતરનો દર | : | ૧૫% |
| નફાકારકતાનો આંક | : | ૧.૦૬૪ |
| ચોખ્ખું વર્તમાન મૂલ્ય | : | ? |
| મૂડીની પડતર | : | ? |
| પ્રોજેક્ટની પડતર | : | ? |
| પરત આપ સમય | : | ? |
| ભંગાર કિંમત | : | ૦ (શૂન્ય) |

વટાવ અવયવ

| વર્ષ | ૧૫% | ૧૪% | ૧૩% | ૧૨% |
|---|---|---|---|---|
| ૧લું વર્ષ | ૦.૮૬૯ | ૦.૮૭૭ | ૦.૮૮૫ | ૦.૮૯૩ |
| ૨જું વર્ષ | ૦.૭૫૬ | ૦.૭૬૯ | ૦.૭૮૩ | ૦.૭૯૭ |
| ૩જું વર્ષ | ૦.૬૫૮ | ૦.૬૭૫ | ૦.૬૯૩ | ૦.૭૧૨ |
| ૪થું વર્ષ | ૦.૫૭૨ | ૦.૫૯૨ | ૦.૬૧૩ | ૦.૬૩૬ |
| | ૨.૮૫૫ | ૨.૯૧૩ | ૨.૯૭૪ | ૩.૦૩૮ |

**અથવા**

**પ્રશ્ન : ૨** નીચેની વ્યકિતગત પરિસ્થિતિની ખાલી જગ્યા પૂરો. **(૧૪)**

| પરિસ્થિતિ | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| એકમદીઠવેચાણ કિંમત | | રૂા. ૫૦ | રૂા. ૨૦ | | રૂા.૩૦ |
| ચલિતખર્ચા (વેચાણ કિંમતના ટકા) | ૬૦ | | ૭૫ | ૭૫ | |
| વેચેલ એકમો | ૧૦,૦૦૦ | ૪,૦૦૦ | | ૬,૦૦૦ | ૫,૦૦૦ |
| ફાળો | રૂા. ૨૦,૦૦૦ | રૂા. ૮૦,૦૦૦ | | રૂા. ૨૫,૦૦૦ | રૂા. ૫૦,૦૦૦ |
| સ્થિર ખર્ચા | રૂા. ૧૨,૦૦૦ | | રૂા. ૧૨,૦૦૦ | રૂા. ૧૦,૦૦૦ | |
| નફો - નુકસાન | | રૂા.૨૦,૦૦૦ (નફો) | રૂા. ૩૦,૦૦૦ (નફો) | | રૂા. ૧૫,૦૦૦ (નફો) |

**પ્રશ્ન : 3** અમરોલી મેન્યુ. કંપનીના નવા ચાલુ કરેલા વિભાગની બે વર્ષની સંબંધિત વિગતો નીચે મુજબ છે. બે વર્ષની સંબંધિત વિગતો નીચે મુજબ છે. **(૧૪)**

| | |
|---|---|
| પ્રમાણિત ઉત્પાદન પડતર | એકમદીઠ રૂા. |
| - પ્રત્યક્ષ માલસામાન | ૨ |
| - પ્રત્યક્ષ મજૂરી | ૨ |
| - ચલિત ઉત્પાદિત પડતર | ૧ |
| કુલ ચલિત ઉત્પાદન પડતર | ૫ |
| - સ્થિર ઉત્પાદિત પડતર | ૨ |
| કુલ ઉત્પાદતિ પડતર | ૭ |

પ્રમાણક્ષમતા : ૨,૦૦,૦૦૦ એકમો

વેચાણ કિંમત : રૂા. ૧૨.૫ એકમદીઠ

વેચાણ અને વહીવટી ખર્ચા

(૧) ચલિત રૂા. ૧ એકમદીઠ

(૨) સ્થિર રૂા. ૧,૫૦,૦૦૦

ઉત્પાદન અને વેચાણની માહિતી

| વિગત | પ્રથમ વર્ષ | બીજુ વર્ષ |
|---|---|---|
| ઉત્પાદન કરેલા એકમો | ૨,૨૦,૦૦૦ | ૧,૭૦,૦૦૦ |
| વેચાણ કરેલા એકમો | ૧,૮૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ |
| | +૪૦,૦૦૦ | -૩૦,૦૦૦ |

તૈયાર કરો

(૧) સીમાંત પડતર પધ્ધતિ મુજબ પત્રક

(૨) સમાવેશી પડતર પધ્ધતિ મુજબ પત્રક

(૩) નફાના તફાવતનું પત્રક

**અથવા**

**પ્રશ્ન : 3** અટલ લિ. ની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા ૨,૫૦,૦૦૦ એકમોની છે. પરંતુ સામાન્ય રીતે ફકત ૮૦% ઉત્પાદન શકિતનો ઉપયોગ કરે છે. **(૧૪)**

| પડતરની વિગતો | રૂા. |
|---|---|
| પ્રમાણિત ચલિત ખર્ચ નંગ દીઠ | ૧૫ |
| સ્થિર ખર્ચ વાર્ષિક | ૫,૦૦,૦૦૦ |
| ચલિત વેચાણ ખર્ચ નંગ દીઠ | ૪ |
| સ્થિર વેચાણ ખર્ચ | ૩,૦૦,૦૦૦ |
| વેચાણ કિંમત નંગ દીઠ | ૨૫ |

ઉત્પાદન અને વેચાણની વિગતો

ઉત્પાદન ૨૦૧૭-૧૮ ના વર્ષમાં નંગ ૧,૮૦,૦૦૦

ઉત્પાદન ૨૦૧૭-૧૮ ના વર્ષમાં નંગ ૧,૬૦,૦૦૦

આખર સ્ટોક ૩૧-૩-૨૦૧૮ ના રોજ નંગ ૩૬,૦૦૦. પ્રમાણિત ચલિત ઉત્પાદન ખર્ચ કરતા ખરેખર ચલિત ઉદપાદન ખર્ચ રૂા. ૪૦,૦૦૦ વધારે હતા.

તમારે સમાવેશી પડતર પધ્ધતિ અને સીમાંત પડતર પધ્ધતિ મુજબ નફાકારકતાનું પત્રક બનાવવાનું છે.

**પ્રશ્ન : ૪ ટૂંકનોંધ લખો. (ગમે તે બે) (૧૨)**

૧. ઉત્પાદકતા પર અસર કરતા પરિબળો

૨. સમતૂટ વિશ્લેષણની ઉપયોગીતા અને મર્યાદાઓ

૩. મૂડી ઉત્પાદકતાને અસર કરતા પરિબળો

૪. ચાવીરૂપ પરિબળ અને સમતૂટ વિશ્લેષણ

જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઈ કૉમર્સ કૉલજ અમરોલી, સુરત

આંતરિક કસોટી - ૨૦૧૮

એમ. કૉમ. સેમેસ્ટર - ૩ (ગુ.મા.)

નાણાકીય અને સંચાલકીય હિસાબી પદ્ધતિ - ૮

તારીખ : ૧૮/૦૯/૨૦૧૮ બેઠક નંબર : .........

સમય : ૧૧:૦૦ થી ૧:૦૦ કુલ ગુણ : ૫૦

સૂચના : (૧) જમણી બાજુ આપેલ અંક પ્રશ્નના ગુણ દર્શાવે છે. (૨) જવાબના ભાગરૂપે તમામ જરૂરી ગણતરી દર્શાવો.

**પ્રશ્ન : ૧ ટૂંકમાં ઉત્તર આપો.**

**(અ)** ટાટા ટ્રેડર્સ ખાતે તા. ૦૧/૦૪/૨૦૧૭ નાં રોજ ૨૦૦૦ પાત્રોનો સ્ટોક હતો. જેની દરેકની કિંમત રૂા. ૧૦ આંકવામાં આવી હતી. **(૦૫)**

વર્ષ દરમ્યાન પેઢીએ નવાં ૩,૦૦૦ પાત્રો રૂા. ૧૮ લેખે ખરીધ્યા હતાં.

વર્ષ દરમ્યાન ૪,૪૦૦ પાત્રો મોકલવામાં આવ્યા હતાં. જેમાંથી તેઓએ ૪,૦૦૦ પાત્રો પરત કર્યા હતાં. શરૂઆતનાં સ્ટોક પૈકીના પાત્રોમાં ૪૦ પાત્રોનુ નુકસાન થયું હતું. જેમાંથી ૨૪ પાત્રોનું રૂા. ૫લેખે સમારકામ ખર્ચ કરી ફરી ઉપયોગમાં લેવાય તે રીતે સુધાર્યા હતાં. આખર સ્ટોક ઘસારાની જોગવાઈ કર્યા બાદ પાત્રોદીઠ રૂા. ૧૦ ની કિંમતે આંકવામાં આવેલ છે.

ઉપરની વિગત પરથી પાત્રોનું સ્ટોક ખાતું તૈયાર કરો.

**(બ)** 'અ' લિ. ના ચોપડેથી વર્ષના રોકડ વ્યવહારો નીચે મુજબ આપવામાં આવ્યા છે. તેને આધારે વર્ષના અંતે નાણાકીય નુકસાન ગણો. **(૦૫)**

| | રૂા. | ભાવનો સૂચક આંક |
|---|---|---|
| શરૂની રોકડ સિલક | ૫૦,૦૦૦ | ૧૦૦ |
| રોકડ વેચાણ | ૧,૫૩,૦૦૦ | ૧૦૨ |
| લેણદારોને ચૂકવ્યા | ૧,૧૯,૬૦૦ | ૧૦૪ |
| ખર્ચા ચૂકવ્યા | ૧૦,૦૦૦ | ૧૦૫ |
| આખરની રોકડ સિલક | ૭૩,૪૦૦ | ૧૦૫ |

**પ્રશ્ન : ૨** બિરલા લિ. તેનાં કેમિકલનું વેચાણ પાત્રોમાં કરે છે. આ પાત્રો ચોપડામાં રૂા. ૫૦ ની કિંમતે બતાવાય છે. ગ્રાહકો પાસેથી રૂા. ૯૦ ચાર્જ લેવામાં આવે છે અને જો એક માસમાં પરત કરવામાં આવે તો રૂા. ૭૫ જમા આપવામાં આવે છે : **(૧૪)**

| વિગત | પાત્રોની સંખ્યા |
|---|---|
| પેઢીમાં સ્ટોક (૧-૧-૨૦૧૭) | ૫,૦૦૦ |
| ગ્રાહકો પાસે સ્ટોક (૧-૧-૨૦૧૭) | ૭,૫૦૦ |
| વર્ષ દરમ્યાન ગ્રાહકોને મોકલેલ પાત્રો | ૧૮,૦૦૦ |
| ગ્રાહકોએ પરત કરેલા પાત્રો | ૧૬,૨૦૦ |
| નાશ પામેલ પાત્રો | ૨૦૦ |
| ભંગાર થયેલા પાત્રો<br>(રૂા. ૩૦૦ નો ખર્ચ કરી રૂા. ૧૦,૦૦૦ માં વેચ્યા) | ૩૦૦ |

વર્ષ દરમ્યાન કુલ પાત્રોની ખરીદી ૫૪,૦૦૦ (પાત્ર દીઠ રૂા. ૬૦ લેખે) તા. ૩૧-૧૨-૨૦૧૭ નાં

રોજ ગ્રાહકો પાસે ૭,૩૦૦ પાત્રો સ્ટોકમાં હતાં.  ઉપરની વિગતો પરથી પાત્રોનું વેપાર ખાતું અને પાત્રોનું અનામત ખાતું તૈયાર કરો.

**અથવા**

**પ્રશ્નઃ ૨** ગોયંકા લિ. પોતાનો માલ પરત થઈ તેવા ડ્રમ્સમાં પૂરો પાડે છે. દરેક ડ્રમ માટે ગ્રાહક પાસેથી રૂા. ૧૫ ચાર્જ કરવામાં આવે છે. અને જો ગ્રાહક ત્રણ માસની મુદતમાં પરત કરે તો તેમને ડ્રમ દીઠ રૂા. ૮ જમા આપવામાં આવે છે. કંપનીનાં ચોપડામાંથી નીચેની માહિતી મળે છે. **(૧૪)**

| વિગત | ડ્રમ્સની સંખ્યા |
|---|---|
| તા. ૧-૪-૨૦૧૭ નાં રોજ હાથ પર સ્ટોક | ૧,૦૦૦ |
| તા. ૧-૪-૨૦૧૭ નાં રોજ ગ્રાહકો પાસે સ્ટોક | ૨,૦૦૦ |
| ગ્રાહકોને મોકલેલ ડ્રમ્સ | ૩,૨૦૦ |
| ગ્રાહકોએ પરત પરત કરેલ ડ્રમ્સ | ૨,૪૦૦ |
| ભંગાર તરીકે વેચેલ ડ્રમ્સ (ભંગારની ઊપજ રૂા. ૧૫૦) | ૫૦ |
| અકસ્માતથી નાશ પામેલ ડ્રમ્સ | ૧૦ |
| તા. ૩૧-૩-૨૦૧૮ નાં રોજ હાથ પર સ્ટોક | ૧,૬૪૦ |
| તા. ૩૧-૩-૨૦૧૮ નાં રોજ ગ્રાહકો પાસે સ્ટોક | ૧,૮૦૦ |

વર્ષ દરમ્યાનની ખરીદીની કુલ રકમ રૂા. ૧૫,૦૦૦ છે. સ્ટોક મૂલ્યાંકનનાં હેતુથી બધા ડ્રમ્સની કિંમત એકમદીઠ રૂા. ૫ ગણવામાં આવે છે. નવા ડ્રમ્સની કિંમત પડતર કિંમતે ગણવાની છે.

ઉપરની વિગતો પરથી ડ્રમ્સનું સ્ટોક ખાતું અને ડ્રમ્સનું વેપારખાતું તૈયાર કરો.

**પ્રશ્ન : 3** તા. ૧-૪-૨૦૧૦ રોજનું ઓનિડા લિમિટેડનું પાકું સરવૈયું અને તા. ૩૧-૩-૨૦૧૧ ના રોજ પૂરા થતા વર્ષની આવકનું પત્રક નીચે મુજબ છે. **(૧૪)**

તા. ૧-૪-૨૦૧૦ ના રોજનું પાંકુ સરવૈયું

| જવાબદારીઓ | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|
| ઈકિવટી શેરમૂડી | ૧,૦૦,૦૦૦ | યંત્રો | ૮૮,૦૦૦ |
| ૧૩.૫% નાં ડિબેન્ચર્સ | ૨૦,૦૦૦ | સ્ટોક | ૧૨,૦૦૦ |
| લેણદારો | ૨૦,૦૦૦ | દેવાદારો | ૨૦,૦૦૦ |
| | | રોકડ સિલક | ૨૦,૦૦૦ |
| | ૧,૪૦,૦૦૦ | | ૧,૪૦,૦૦૦ |

તા. ૩૧-૩-૨૦૧૧ ના રોજ પૂરા થતા વર્ષની આવકનું પત્રક

| | રૂા. | રૂા. |
|---|---|---|
| વેચાણ : | | ૧,૬૦,૦૦૦ |
| બાદ : વેચેલ માલની પડતર : | | |
| શરૂઆતનો સ્ટો (ફિફો) | ૧૨,૦૦૦ | |
| ચોખ્ખી ખરીદી | ૪૮,૦૦૦ | |
| | ૬૦,૦૦૦ | |
| બાદઃ આખર સ્ટોક (ફિફો) | ૧૦,૦૦૦ | ૫૦,૦૦૦ |
| વેચાણ પર કાચો નફો : | | ૧,૧૦,૦૦૦ |

| | | |
|---|---|---|
| વહીવટી ખર્ચા | ૨૪,૦૦૦ | |
| ઘસારો | ૮,૮૦૦ | |
| ડિબેન્ચર વ્યાજ (૩૧-૩-૨૦૧૧ ના રોજ ચૂકવેલ) | ૨,૭૦૦ | ૩૫,૫૦૦ |
| જાળવણી રાખેલ કમાણી | | ૭૪,૫૦૦ |

વર્ષ દરમિયાન દેવદારો અને લેણદારોની બાકીઓમાં કોઈ ફેરફાર નથી. સામાન્ય ભાવ સૂચકઆંક નીચે મુજબ હતો :

| | |
|---|---|
| ૧ લી એપ્રિલ, ૨૦૧૦ | ૨૮૦ |
| વર્ષ દરમિયાન સરેરાશ | ૩૫૦ |
| ૩૧ મી માર્ચ, ૨૦૧૧ | ૪૨૦ |

વર્તમાન ખરીદ શકિતની પદ્ધતિ (CPP) મુજબ ભાવસપાટીમાં ફેરફારની અસર આપ્યા બાદ તા. ૩૧-૩-૨૦૧૧ ના રોજ પૂરા થતાં વર્ષ માટેના વાર્ષિક હિસાબો તૈયાર કરો.

**અથવા**

**પ્રશ્ન : ૩** અરવિંદ લિ. ૨૫-૪-૨૦૦૬ ના રોજ ભરત લિ. રૂા. ૧૦૦ નો એક એવા ૧૦,૦૦૦ શેર રૂા. ૧૨૦ ના હક સહિત ભાવે ખરીદે છે. જે માટે ૨% દલાલી અને ૨૫૦૦૦ સ્ટેમ્પ ડયૂટીના ચૂકવે છે. ત્યાર પછી ૨૫-૬-૨૦૦૬ ના રોજ અરવિંદ લિ. એ ૧૨૦૦૦ શેર રૂા. ૧૪૦ ના હક સહિત ભાવે ખરીદે છે. જે અંગે તે દલાલી ૨% તથા સ્ટેમ્પ ડયૂટીના રૂા. ૩૫,૦૦૦ ચૂકવે છે. ભરત લિ. એ ૨૦-૩-૨૦૦૬ ના રોજ ૧ શેરે ૧ શેર હકના ધોરણે રૂા. ૮૦ ના ભાવે બહાર પાડયા. અરવિંદ લિ. એ પોતાને ઓફર થયેલ હકના શેર પૈકી ૧૪૦૦૦ શેરના હક શેર દીઠ રૂા. ૩૦ ના ભાવે વેચી દીધા. અરવિંદ લિ. ને ૨૦૦૫-૨૦૦૬ ના વર્ષ માટે શેરની વસૂલ આવેલી કિંમત પર ૪૦% ડિવિડન્ડ મળ્યું. તેણે ૨૫-૧૧-૨૦૦૬ ના રોજ ૬૦૦૦ શેર રૂા. ૧૧૦ ના ભાવે વેચી દીધા. જેના પર તેણે ૨% દલાલી ચૂકવી. **(૧૪)**

ઉપરની વિગતો પરથી ગણતરી કરો.

૧. વેચેલ રોકાણોની ચોપડે કિંમત

૨. નહી વેચેલ રોકાણોની ચોપડે કિંમત

૩. વેચેલ રોકાણ પર નફો કે ખોટ

**પ્રશ્ન : ૪** **ટૂંકનોંધ લખો. (કોઈ પણ ત્રણ)** **(૧૨)**

૧. પાત્રોનું ઉપલક ખાતું

૨. ફુગાવાલક્ષી હિસાબી પધ્ધતિની મર્યાદા

૩. શાખપત્ર

૪. વિદેશી ચલણનું સંચાલન

૫. નાણાંકીય કાર્યશીલ મૂડીનો હવાલો

## જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઇ કૉમર્સ કૉલેજ અમરોલી, સુરત
## આંતરિક કસોટી - ૨૦૧૮
## એમ. કૉમ. સેમેસ્ટર - ૩ (ગુ.મા.)
## નાણાકીય અને સંચાલકીય હિસાબી પદ્ધતિ - ૯

**તારીખ : ૧૯/૦૯/૨૦૧૮** **બેઠક નંબર : .........**

**સમય : ૧૧:૦૦ થી ૧:૦૦** **કુલ ગુણ : ૫૦**

---

**પ્રશ્ન : ૧** **સૂચના પ્રમાણે જવાબ આપો.** **(૧૦)**

**(અ)** એક કંપની પોતાના હિસાબો બિનસંકલિત પધ્ધતિએ રાખે છે. માર્ચ ૨૦૧૮ નાં તેનાં નીચેના વ્યવહારો પરથી જરૂરી આમનોંધ લખો.

| | |
|---|---|
| (૧) ઉત્પાદન અંગે માલસામાન આપ્યો | રૂા. ૮,૫૦,૦૦૦ |
| (૨) માલસામાનનો સામાન્ય બગાડ | રૂા. ૧૫,૫૦૦ |
| (૩) અર્ધતૈયાર માલ ખાતે ફાળવેલ કારખાના શિરોપરી ખર્ચ | રૂા. ૮,૫૫૦ |
| (૪) આગના કારણે ગુમાવેલ માલ | રૂા. ૩,૫૦૦ |

**(બ)** એક કારખાનામાં માર્ચ, ૨૦૧૮ ની શરૂઆતમાં ૨૫,૦૦૦ એકમોનો અર્ધતૈયાર માલ નો સ્ટોક હતો. જે ૫૫% જેટલો પૂરો થયેલ હતો. મહિના દરમિયાન તૈયાર માલના સ્ટોક ખાતે ૨,૫૦,૦૦૦ એકમો લઈ જવામાં આવ્યા હતાં. મહિનાના અંતે ૨૦,૦૦૦ એકમોનો અર્ધતૈયાર માલનો સ્ટોક હતો. જેના પર ૪૦% જેટલું કામ થયેલું હતું. તો મહિના દરમિયાન કેટલા સંપૂર્ણ એકમો જેટલું ઉત્પાદન થયું હશે. તે જણાવો.

**(ક)** પૂર્ણ એકમોની ગણતરી એટલે શું ?

**પ્રશ્ન : ૨** એપ્રિલ, ૨૦૧૮ ની નીચે દર્શાવેલ માહિતી પરથી તૈયાર કરો : **(૧૪)**

(અ) પૂર્ણ એકમોનું પત્રક
(બ) પડતરનું પત્રક
(ક) અસામાન્ય બગાડ (અથવા વધારાનું) પત્રક
(ડ) પ્રક્રિયા ખાતું FIFO પદ્ધતિ અનુસાર

૧. અર્ધતૈયાર માલનો શરૂઆતનો સ્ટોક : ૮૦૦ એકમો રૂા. ૧૨,૦૦૦
૨. શરૂઆતના અર્ધતૈયાર માલની પૂર્ણતાની કક્ષા
   માલસામાન ૧૦૦%, મજૂરી ૬૦%, પરોક્ષ ખર્ચા ૬૦%
૩. દાખલ કરેલ માલસામાન : રૂા. ૧,૧૦,૪૦૦૦, ૧૨૦૦ એકમો
૪. સીધી મજૂરી : રૂા. ૫૦,૨૨૦
૫. ઉત્પાદન પરોક્ષ ખર્ચા : રૂા. ૨૫,૧૧૦
૬. ભંગાર : ૧૨૦૦ એકમો
   પૂર્ણતાની કક્ષા : માલસામાન ૧૦૦%, મજૂરી ૮૦%, પરોક્ષ ખર્ચા ૮૦%
૭. આખરનો અર્ધતૈયાર માલનો સ્ટોક : ૯૦૦ એકમો
   પૂર્ણતાની કક્ષા : માલસામાન ૧૦૦%, મજૂરી ૭૦%, પરોક્ષ ખર્ચા ૭૦%

૮. ૭,૯૦૦ એકમો તૈયાર થયા હતા અને બીજી પ્રક્રિયા ખાતે ફેરબદલી કરવામાં આવ્યા હતાં.

૯. સામાન્ય બગાડ કુલ દાખલ કરેલ એકમોના ૮% છે. (શરૂઆતનો સ્ટોક + દાખલ કરેલ એકમો)

૧૦. ભંગાર કિંમત : રૂા. ૧૨/- એકમ દીઠ

**અથવા**

**પ્રશ્ન : ૨** એક વસ્તુ તૈયાર માલ ખાતે લઈ જતા પહેલા ત્રણ પ્રક્રિયામાંથી પસાર થાય છે. માર્ચ, ૨૦૧૮ ની નીચેની માહિતી નિશા લિમીટેડના ચોપડામાંથી લેવામાં આવી છે. **(૧૪)**

| વિગત | પ્રક્રિયા - ૧ | પ્રક્રિયા - ૨ | પ્રક્રિયા - ૩ | તૈયાર માલ |
|---|---|---|---|---|
| શરૂઆતનો સ્ટોક | ? | ૧,૦૦,૦૦૦ | ૧,૪૫,૦૦૦ | ૧,૦૦,૦૦૦ |
| પ્રત્યક્ષ માલસામાન | ૬,૦૦,૦૦૦ | ? | ૧,૭૫,૦૦૦ | - |
| પ્રત્યક્ષ મજૂરી | ૪,૦૦,૦૦૦ | ? | ૧,૦૦,૦૦૦ | - |
| પ્રત્યક્ષ ખર્ચા | ૧,૫૦,૦૦૦ | ? | ૭૫,૦૦૦ | - |
| કારખાના પરોક્ષ ખર્ચા (પ્રાથમિક પડતરના આધારે) | ૩૩ ૧/૩% | ૧૫% | ૨૫% | - |
| શરૂઆતના સ્ટોકમાં સમાયેલ આંતરપ્રક્રિયા નફો | - | ૨૦,૦૦૦ | ૨૫,૦૦૦ | - |
| આખર સ્ટોક | ૧,૮૦,૦૦૦ | ૨,૪૦,૦૦૦ | ૩,૬૦,૦૦૦ | - |
| ફેરબદલી નફો(દેખીતો નફો) | ૨,૪૦,૦૦૦ | ૬,૨૧,૦૦૦ | ? | - |
| આંતર પ્રક્રિયા નફાનો દર | ફેરબદલી કિંમત પર ૧૫% | પડતર કિંમત પર ૨૫% | ફેરબદલી કિંમત પર ૨૫% | |

સ્ટોકનું મૂલ્યાંકન પ્રાથમિક પડતરે કરવામાં આવે છે. જયારે તૈયાર માલનો સ્ટોક પ્રક્રિયા-૩ માંથી જે કિંમતે ફેરબદલી થાય છે. તે કિંમતે ગણવામાં આવે છે. આ સમય દરમિયાનનું વેચાણ રૂા. ૬,૦૦,૦૦૦ હતું.

નોંધ : પ્રક્રિયા ૨ માં પ્રત્યક્ષ માલસામાન, પ્રત્યક્ષ મજૂરી અને પ્રત્યક્ષ ખર્ચાનું પ્રમાણ ૪:૨:૧ છે.

ઉપરની માહિતી પરથી તૈયાર કરો : (૧) દરેક પ્રક્રિયાના ખાતા (૨) તૈયાર માલનું સ્ટોકનું ખાતું (૩) ખરેખર મળેલ નફાનું પત્રક (૪) પાકા સરવૈયાના હેતુસર સ્ટોકનું મૂલ્ય.

**પ્રશ્ન : ૩** મિહિર કંપની લિમીટેડની પડતર ખાતાવહીમાં ૧-૪-૨૦૧૭ નાં રોજ નીચેની બાકીઓ હતી. **(૧૪)**

| વિગત | ઉધાર રૂા. | જમા રૂા. |
|---|---|---|
| માલસામાન ખાતાવહી નિયંત્રણ ખાતું | ૪૭,૨૫૦ | |
| ચાલુકામ ખાતાવહી નિયંત્રણ ખાતું | ૩૫,૨૮૦ | |
| તૈયાર માલ ખાતાવહી નિયંત્રણ ખાતું | ૨૬,૩૭૦ | |
| કારખાના શિરોપરી ખર્ચ ઉપલક ખાતું | ૧,૮૦૦ | |
| વહીવટી શિરોપરી ખર્ચ ઉપલક ખાતું | ૯૦૦ | |
| સામાન્ય ખાતાવહી હવાલા ખાતું | | ૧,૧૧,૬૦૦ |
| | ૧,૧૧,૬૦૦ | ૧,૧૧,૬૦૦ |

વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન વ્યવહારો :

| | |
|---|---|
| માલસામાન ખરીદી | રૂા. ૨,૬૨,૦૦૦ |
| ઉત્પાદન ખાતે માલ આપ્યો | રૂા. ૨,૨૬,૮૫૦ |

| | |
|---|---|
| માલ ખરીદ્યો, જે ઉત્પાદન વિભાગને સીધો મોકલ્યો | રૂા. ૫,૬૭૫ |
| મજૂરી ચૂકવી (આડકતરી મજૂરી રૂા. ૧૨,૬૦૦ સહિત) | રૂા. ૨,૮૮,૦૦૦ |
| તૈયાર માલનું વેચાણ | રૂા. ૫,૯૪,૦૦૦ |
| વહીવટી ખર્ચાઓ | રૂા. ૨૭,૦૦૦ |
| વેચાણ ખર્ચાઓ | રૂા. ૩૦,૦૦૦ |
| કારખાના શિરોપરી ખર્ચાઓ | રૂા. ૭૮,૦૦૦ |
| કારખાનામાં રિપેર માટે મોકલેલ માલ | રૂા. ૧૦,૦૦૦ |
| ગોડાઉનમાં મોકલેલ તૈયાર માલ | રૂા. ૫,૪૦,૦૦૦ |
| ઉત્પાદન ખાતે ફાળવેલ વહીવટી શિરોપરી ખર્ચ | રૂા. ૨૨,૯૦૦ |
| અર્ધતૈયાર માલ ખાતે ફાળવેલ કારખાના શિરોપરી ખર્ચા | રૂા. ૧૫,૪૦૦ |
| વેચાણ ખાતે ફાળવેલ શિરોપરી ખર્ચ | રૂા. ૨૭,૫૦૦ |
| આગને કારણે ગુમાવેલ માલ | રૂા. ૭૫૦ |
| કારખાના શિરોપરી ખર્ચની ઓછી વસૂલાત | રૂા. ૨,૮૫૦ |
| અર્ધતૈયાર માલના વહીવટી ખર્ચા | રૂા. ૪,૨૫૦ |
| તૈયાર માલનો સ્ટોક તા. ૩૧-૩-૨૦૧૮ નાં રોજ | રૂા. ૭૧,૩૭૦ |
| કાચામાલનો સ્ટોક તા. ૩૧-૩-૨૦૧૮ નાં રોજ | રૂા. ૬૪,૧૫૦ |

પડતર ખાતાવહીમાં જરૂરી ખાતાં તૈયાર કરો અને તા. ૩૧-૩-૨૦૧૮ નાં રોજનું કાંચુ સરવૈયું તૈયાર કરો.

**અથવા**

**પ્રશ્ન : 3** વિભૂતિ કંપની લિમીટેડ તેના હિસાબો સંકલિત હિસાબી પધ્ધતિ પ્રમાણે રાખે છે. તા. ૧-૪-૨૦૧૭ અને તા. ૩૧-૩-૨૦૧૮ નાં રોજની બાકીઓ નીચે પ્રમાણે હતી. **(૧૪)**

| વિગત | ૧-૪-૨૦૧૭ રૂા. | ૩૧-૩-૨૦૧૮ રૂા. |
|---|---|---|
| શેરમૂડી | ૧૦,૩૦,૦૦૦ | ૧૨,૫૫,૦૦૦ |
| રોકડ સિલક | ૩૦,૦૦૦ | ૧૭,૫૦૦ |
| બેંક સિલક | ૩૭,૫૦૦ | ? |
| માલસામાન ખાતાવહી નિયંત્રણ ખાતું | ૩૫,૦૦૦ | ? |
| ચાલુકામ ખાતાવહી નિયંત્રણ ખાતું | ૫૭,૫૦૦ | ૧,૦૨,૫૦૦ |
| તૈયાર માલ ખાતાવહી નિયંત્રણ ખાતું | ૧,૧૨,૫૦૦ | ? |
| દેવાદારોનું ખાતું | ૭૫,૦૦૦ | ? |
| લેણદારોનું ખાતું | ૫૨,૫૦૦ | ? |
| કાયમી મિલકતોનું ખાતું | ૧૦,૫૦,૦૦૦ | ? |
| ઘસારાની જોગવાઈનું ખાતું | ૨,૬૦,૦૦૦ | ૩,૯૦,૦૦૦ |
| નફા નુકસાન ખાતું | ૫૫,૦૦૦ | ? |

| વર્ષ દરમિયાનના વ્યવહારો નીચે પ્રમાણે હતા : | | રૂા. |
|---|---|---|
| મજૂરી ચેકથી ચૂકવેલ : પ્રત્યક્ષ મજૂરી | ૧,૩૭,૫૦૦ | |
| પરોક્ષ મજૂરી | ૩૨,૫૦૦ | ૧,૭૦,૦૦૦ |
| માલસામાનની ઉધાર ખરીદી | | ૪,૩૭,૫૦૦ |

| | | |
|---|---|---|
| ઉત્પાદન અંગે આપેલ માલસામાન | | ૪,૧૨,૫૦૦ |
| સમારકામ અંગે આપેલ માલસામાન | | ૨૦,૦૦૦ |
| વેચેલ તૈયારમાલની પડતર | | ૭,૭૨,૫૦૦ |
| શેરમૂડીના નાણાં બેંકમાં જમા | | ૨,૨૫,૦૦૦ |
| કારખાના પરોક્ષ ખર્ચની વસૂલાત | | ૨,૪૫,૦૦૦ |
| કારખાના પરોક્ષ ખર્ચ ચેકથી ચૂકવ્યા | | ૬૨,૫૦૦ |
| વહીવટી પરોક્ષ ખર્ચ ચૂકવ્યા | | ૩૫,૦૦૦ |
| વેચાણ વિતરણ પરોક્ષ ખર્ચ ચૂકવ્યા | | ૨૨,૫૦૦ |
| ઉધાર વેચાણ | | ૯,૨૫,૦૦૦ |
| લેણદારોને ચેકથી ચૂકવ્યા | | ૪,૧૭,૫૦૦ |
| દેવાદારો પાસેથી મળેલ રકમ : ચેકથી | ૮,૪૫,૦૦૦ | |
| રોકડેથી | ૫૫,૦૦૦ | ૯,૦૦,૦૦૦ |
| કાયમી મિલકતોની ચેકથી ખરીદી | | ૩,૭૫,૦૦૦ |
| આપેલ દાન | | ૧૦,૦૦૦ |
| ચેકથી ચૂકવેલ આવકવેરો | | ૩૫,૦૦૦ |
| બેંકલોન પર વ્યાજ | | ૨,૫૦૦ |

સંકલિત ખાતાવહીમાં જરૂરી ખાતાં તૈયાર કરો અને તા. ૩૧-૩-૨૦૧૮ નાં રોજનું કાચું સરવૈયું તૈયાર કરો.

**પ્રશ્ન : ૪ ટૂંકનોંધ લખો (ગમે તે ત્રણ)** **(૧૨)**

(૧) સામાન્ય ખાતાવહી હવાલા ખાતું

(૨) પડતર ઘટાડાની આવશ્યકતાઓ

(૩) આંતર પ્રક્રિયા નફો

(૪) પડતર અંકુશ અને પડતર ઘટાડાનો તફાવત

(૫) સંકલિત હિસાબોનાં ફાયદા અને મર્યાદાઓ